અપીલ અરજી નં.૨૦ તા.૧૩–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – ડો. રાજેન્દ્ર હીરાલાલ કોન્ટ્રાકટર
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ ડો. રાજેન્દ્ર હીરાલાલ કોન્ટ્રાકટરની તા.૧૧–૨–૧૧ની અરજીથી મોજે ડુંભાલનાં સર્વે નં.૧૮ પૈકી, બ્લોક નં.૨૦/૧, ફા.પ્લોટ નં.૧૯ તથા સર્વે નં.૧૮ પૈકી, બ્લોક નં.૨૦/૨ , ફા પ્લોટ નં.૨૦ માં થયેલ બાંધકામની રજાચિઠ્ઠી મેળવવા માટે રજુ થયેલા લે–આઉટ પ્લાન તેમજ તેને લગતાં તમામ કાગળોની સહી–સિકકાવાળી નકલો તેમજ તેમાં રજુ થયેલ યુ.એલ.સી. ૨૧(૧) ની સ્કીમને લગતાં તમામ કાગળોની સહી–સિકકવાળી નકલો. ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૧૩–૪–૧૧ ની **SMC/FAP/** નં.૨૦ /૨૦૧૧–૧૨

શ્રી ડો રાજેન્દ્ર હીરાલાલ કોન્ટ્રાકટરની તા.૧૧–૨–૧૧ની અરજીથી મોજે ડુંભાલનાં સર્વે નં.૧૮ પૈકી, બ્લોક નં.૨૦/૧, ફા.પ્લોટ નં.૧૯ તથા સર્વે નં.૧૮ પૈકી, બ્લોક નં.૨૦/૨ , ફા પ્લોટ નં.૨૦ માં થયેલ બાંધકામની રજાચિઠ્ઠી મેળવવા માટે રજુ થયેલા લે–આઉટ પ્લાન તેમજ તેને લગતાં તમામ કાગળોની સહી–સિકકાવાળી નકલો તેમજ તેમાં રજુ થયેલ યુ.એલ.સી. ૨૧(૧) ની સ્કીમને લગતાં તમામ કાગળોની સહી–સિકકવાળી નકલો. ની માહિતિ આપવા બાબતે ડે.કમિશ્નર (પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં. ટી.ડી.ઓ/ ૫૧૫૬ તા.૧૫–૩–૧૧ થી આપેલ માહિતી માંગ્યા મુજબ તેમજ સંતોષકારક આપેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા, દફતર ઉપલબ્ધ નહીં હોવા અંગે નાશ, નિકાલની વિગતો સાથે બાંધકામ રજીસ્ટર અગર નિર્દિષ્ટ મિલ્કતને કોઈ પ્રાથમિક સુવિધા આપ્યાની દફતરી વિગતો હોય તો ચકાસી રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૦ તા.૨૦–૪–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૧–૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી ટાઉન પ્લાનરશ્રી સેન્ટ્રલઝોનને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૫૧૫૬ તા.૧૫–૩–૧૧ થી પ્રશ્નવાળી મિલ્કત સંદર્ભે શહેર વિકાસનો ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં ઉકત મિલ્કતનો રેકર્ડ ઉપલબ્ધ ન હોય માંગ્યા મુજબની માહિતી /નકલો આપી શકાય તેમ નથી જે જાણશો. તેવું જણાવેલ છે. અરજદારે અપીલ તબકકે (૧) મોજે ડુંભાલના સર્વે નં.૧૮ પૈકી બ્લોક નં.૨૦/૧ ફા.પ્લોટ નં.૧૯ તથા સર્વે નં.૧૮ પૈકી, બ્લોક નં.૨૦/૨ , ફા પ્લોટ નં.૨૦ વાળી જમીનમાં બાંધકામના પ્લાન મંજુર થયા છે? તેનો જવાબ આપ્યો નથી. (૨) બાંધકામ પ્લાન મંજુર થયા હોય અને રજાચિઠ્ઠી આપવામાં આવી હોય તો તેની રજીસ્ટરમાં એન્ટ્રીની ઝેરોક્ષ નકલ આપવામાં આવેલ નથી. (૩)પ્રશ્નવાળી મિલ્કતનો રેકર્ડ ઉપલબ્ધ ન હોય માંગ્યા મુજબની માહિતીની નકલો આપી શકાય તેમ નથી એમ જણાવી અમારી અરજીની સંતોષકાકર પૂર્તતા કરેલ નથી એમ જણાવી તા.૧૩–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડના નાશ કે નિકાલ અંગેની વિગતો અન્યથા ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે બાંધકામ રજીસ્ટર પૈકી અથવા બાબત હેઠળની મિલ્કતને કોઈ પ્રાથમિક સુવિધા અપાયેલ હોય અને તેમાં માંગેલ માહિતી પૈકીના કોઈ સંદર્ભ હોય તો ચકાસી અરજદારને મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં દફતરી ઉપલબ્ધ હકીકત અનુસારની માહિતી –બાંધકામ રજીસ્ટરની દફતરી તપાસણી પૂરી પાડયા બાદ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૧૫ માં પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીઅન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) ..જાણ તથા અમલ માટે .
(૨) ડો. રાજેન્દ્ર હિરાલાલ કોન્ટ્રાકટર,